# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૨૮/૪/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# એમએસએમઇ ઉદ્યોગોની ચાલુ લોન ઉપર છ મહિનાનો મોરેટોરિયમ આપવા ચેમ્બરની નાણાં મંત્રી સમક્ષ રજૂઆત

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા કોવિડ– ૧૯ની સેકન્ડ વેવમાં સતત કથળી રહેલી પરિસ્થિતિને ધ્યાનમાં લઇને ઉદ્યોગ–ધંધા ઉપર પડેલી માઠી અસરને પહોંચી વળવા ભારત સરકારના નાણાં મંત્રી નિર્મલા સીથારામણને ડાયરેકટ એન્ડ ઇનડાયરેકટ ટેકસમાં આવતી જોગવાઇઓ જેની ડયુ ડેટ એપ્રિલ મહિનામાં આવતી હોય એ તમામને તા. ૩૦ જૂન ૨૦૨૧ સુધી લંબાવવા માટે રજૂઆત કરાઇ છે.

હાલમાં કોવિડ– ૧૯ની પરિસ્થિતિને કારણે ધંધા – વ્યવસાય સાથે સંકળાયેલા મોટા ભાગના એકમોનો કોઇને કોઇ રીતે પોતાનો ધંધો સામાન્ય સંજોગોમાં થતો હોય તેવી સ્થિતિમાં નથી અને તેઓની કામકાજની ક્ષમતામાં પણ ૫૦ ટકા જેટલો ઘટાડો જોવામાં આવેલ છે. આ ઉપરાંત ઉત્પાદિત થતા માલનું વેચાણ નહી થતું હોવાથી તેમજ બાકી પેમેન્ટ આવવામાં પણ સામાન્ય સંજોગો કરતા વધારે સમય લાગી રહયો છે. આવા સંજોગોમાં મોટા ભાગના ધંધા – વ્યવસાયમાં નાણાંકીય ખેંચ અનુભવાઇ રહી હોવાથી ચેમ્બર દ્વારા નાણાં મંત્રીને એમએસએમઇ ઉદ્યોગોની તા. ૧લી એપ્રિલ ૨૦૨૧ના રોજ રહેલી આઉટ સ્ટેન્ડીગ લોન ઉપર ચાર મહિના સુધી ઇન્ટરેસ્ટ સબવેન્શનની સુવિધા આપવા માટે રજૂઆત કરવામાં આવી છે.

તદુપરાંત એમએસએમઇ ઉદ્યોગો દ્વારા ચાલુ લોન ઉપર છ મહિનાનો મોરેટોરિયમ આપવા તથા કોઇપણ સરકારી કર ઉપર વિલંબિત ચૂકવણી ઉપર કોઇપણ પ્રકારની લેટ ફી અથવા પેનલ્ટી નહી લગાવવા માટે રજૂઆત કરવામાં આવી છે.